**7)** We further invite your attention to sub section (8) of section 13 of the said Act in terms of which you may redeem the secured assets, if the amount of dues together with all costs, charges and expenses incurred by the Bank is tendered by you, at any time before the date of publication of notice for public auction/inviting quotations/tender/private treaty. Please note that after publication of the notice as above, your right to redeem the secured assets will not be available.

**8)** Please note that this demand notice is without prejudice to and shall not be construed as waiver of any other rights or remedies which we may have, including without limitation, the right to make further demands in respect of sums owing to us.

**Date - 18-08-2025**
**Place - Navsari**

**Yours faithfully,**
**Chief Manager & Authorised Officer**

---

# Bank of Baroda

## SALE NOTICE FOR SALE OF IMMOVABLE PROPERTIES

**"APPENDIX-IV-A [See proviso to Rule 6 (2) & 8 (6)"**

**E-Auction Sale Notice for Sale of Immovable Assets under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 read with proviso to Rule 6 (2) &8 (6) of the Security Interest (Enforcement) Rules,2002.**

**Notice is hereby given to the public in general and in particular to the Borrower (s), Mortgagor (s) and Guarantor (s) that the below described immovable property mortgaged/charged to the Secured Creditor, possession of which has been taken by the Authorised Officer of Bank of Baroda, Secured Creditor, will be sold on "As is where is", "As is what is", and "Whatever there is" basis for recovery of dues in below mentioned account/s. The details of Borrower/s/Mortgagor/Guarantor/s/Secured Asset/s/Dues/Reserve Price/e-Auction date & Time, EMD and Bid Increase Amount are mentioned below:**

**Date/Time of e-Auction of following properties: 09.10.2025, 2.00 to 6.00PM (With unlimited extension of 10 minutes each)**

| Sr. No. | Branch and Name of Borrower/s /Guarantor/ Mortgagor s | Description of Property | Total Dues. (as per Demand notice U/s 13 (2)) | Reserve Price (RV) and EMD Amount. | Status of Possession (Constructive/ Physical) | Contact person with contact no. |
|---|---|---|---|---|---|---|
| 1. | **BAKROL BRANCH** **Mr. Shivdatsinh Rajput** | Equitable mortgage of Non agricultural residential property situated at Bakrol. Ta. & Dist. Anand, bearing Block/Survey No. 1087, area adm 2732.00 sq.m. N.A. land known as "EVLON EXOTICA paikee Sub Plot No. 7, area adm. 68.45 sq m. with margin & 12.44 sq.m unshared common plot, road, setback out of total 31 houses ie. Total area 80.89 sq. m. open plot bearing city survey no NA1087/07, area adm 30.75 sq m. as per city survey record. **Bounded as under** East by : Sub Plot No. 8; West by : Sub Plot No. 6 after leaving margin; North by : Land bearing survey no. 1086 after leaving margin; South by : Society Road | Rs. 25,11,226.12 (Rupees Twenty Five Lac Eleven Thousand Two Hundred Twenty Six and Twelve Pese only) and further interest thereon at the contractual rate plus costs, charges and expenses till date of payment. | **RV. Rs. 23,02,000/-** **EMD Rs. 2,30,200/-** **BID Inc : - Rs. 10,000/-** | **Physical** | Mr. Vinayak Rao Mathankar 9727749640 |

**Date & Time of Inspection: 7th - 8th Oct 2025 between 10.00 AM to 04.00 PM (By taking prior Appointment)**

EMD amount as mentioned above shall be paid online i.e. through NEFT after generation of Challan from https:www.baanknet.in bidders Global EMD Wallet.)

For detailed terms and conditions of sale, please refer to the link provided in https://www.bankofbaroda.in/e-auction.htm and https://baanknet.in Also, prospective bidders may contact on above mention Branch and mobile number or **Mr. Santosh Chandra, BOB, V. V. Nagar Branch, V. V. Nagar, Mob: 9687672924 Or. Scan Hare**

**ACCORDING TO SARFAESI ACT, STATUTORY 30 DAYS SALE NOTICE TO THE BORROWER / GUARANTOR / MORTGAGOR**

The above mentioned borrower /s is/ are hereby noticed to pay the sum as mentioned in section 13(2) Notice in full before the date of auction, failing which property will be auctioned / sold and balance dues if any will be recovered with Interest and cost from borrowers/ guarantors./mortgager.

Date : 28.08.2025
Place : Anand

**Sd/-**
**Authorised office**
**Bank of Baroda**

---

# nuvama

## PUBLIC NOTICE

This is to inform all investors that certain unknown persons in order to defraud the public have been misrepresenting themselves by using the name and photograph of **Mr. Shiv Sehgal, our Director. These miscreants are operating WhatsApp group namely 164 Nuvama Loop** and are using mobile numbers – **+91 8977777731, +91 9063981434 & +91 9040390114** to reach out to innocent investors and, through other devious means.

They have been trying to mislead the public by claiming to be associated with **Nuvama.**

Please be informed that **Nuvama Wealth Management Limited** and/or its subsidiaries/Group Companies are in no way associated, affiliated, or connected with the said persons/platforms. We are not involved with their business operations, activities, or any representations made by them. **Nuvama Wealth Management Limited and/or its subsidiaries/Group Companies never promise or offer any assured or guaranteed returns nor do we reach out to investors through any social media platform including WhatsApp.**

Investors are strongly advised to remain vigilant and exercise caution by undertaking thorough due diligence while dealing with such unauthorized communications / persons / platforms impersonating **Nuvama Wealth Management Limited** and its subsidiaries/Group Companies or its employees. Please be advised that any person willingly dealing with said persons/platforms in any manner whatsoever, without proper verification, shall be doing so entirely at their own risk, costs and consequences.

If you have any doubts or require verification, please contact us directly through our official channels or write to us at grievance.nwm@nuvama.com.

For **Nuvama Wealth Management Limited**

રાજ્યના શહેરી વિસ્તારોમાં નગરપાલિકાઓ દ્વારા હાથ ધરાતા વિકાસ કામોને વધુ વેગવાન બનાવતો મુખ્યમંત્રીનો નિર્ણય

# શહેરી વિસ્તારોમાં કામોને મંજૂરી આપવાની નગરપાલિકાઓની સત્તામાં ૫૦ ટકાનો વધારો

## તાંત્રિક અને વહિવટી મંજૂરી મળ્યા બાદ આર. સી. એમ. દ્વારા બે હપ્તામાં ૧૦૦ ટકા ગ્રાન્ટની ફાળવણી કરાશે

ગાંધીનગર, તા.૩

શહેરી વિકાસ વર્ષની સંકલ્પના સાકાર કરીને શહેરો-નગરોમાં સ્થાનિક સત્તા તંત્રો દ્વારા હાથ ધરાતા વિકાસ કામોને વધુ વેગવાન બનાવવાની દિશામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. ગુજરાતની નગરપાલિકાઓને શહેરી વિકાસ વિભાગની યોજનાઓ તેમજ વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત રાજ્ય સરકારના આયોજન પ્રભાગ હસ્તકની ગ્રાન્ટમાંથી નગરપાલિકાઓ દ્વારા હાથ ધરવાના થતા કામોની તાંત્રિક અને વહીવટી મંજૂરી આપવાની સત્તા મર્યાદામાં ૫૦ ટકાનો વધારો કરવાનો મુખ્યમંત્રીએ નિર્ણય કર્યો છે.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૨૦૨૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવીને શહેરી પરિવેશમાં પરિવર્તન અને નાગરિકોના સશક્તિકરણથી સ્માર્ટ એન્ડ સસ્ટેનેબલ સિટીઝ નિર્માણનું લક્ષ્ય રાખ્યું છે. આ લક્ષ્યને સાકાર કરવા શહેરોમાં વિકાસ કામોમાં વધુ વેગ લાવીને શહેરી જન સુવિધાના કામો ઝડપથી હાથ ધરવા માટે નાણાંકીય સત્તા મર્યાદામાં કરાયેલો આ વધારો પરિણામકારી બનશે.

મુખ્યમંત્રીએ આ હેતુસર 'અ' વર્ગની નગરપાલિકાઓના વિકાસ કામો માટે નગરપાલિકા કક્ષા સમિતિ દ્વારા તાંત્રિક અને વહીવટી મંજૂરી આપવાની હાલની નાણાંકીય મર્યાદા રૂ.૫૦ લાખ છે તેમાં રૂ.૨૦ લાખ વધારીને હવે રૂ.૭૦ લાખ કરી છે. એટલું જ નહિ, 'બ' વર્ગની નગરપાલિકાઓ માટે ૪૦થી વધારીને રૂ. ૫૦ લાખ, 'ક' વર્ગ માટે ૩૦થી વધારીને રૂ. ૪૦ લાખ, 'ડ' વર્ગ માટે ૨૦થી વધારીને રૂ. ૩૦ લાખ રૂપિયા સુધીના કામોની તાંત્રિક-વહીવટી મંજૂરી આપવાની સત્તા અપાઈ છે. મુખ્યમંત્રીએ વહિવટી સરળીકરણની દિશામાં એવા દિશાનિર્દેશો પણ આપ્યા છે કે, નગરપાલિકા કક્ષાએ સમિતિ દ્વારા તાંત્રિક તેમજ વહિવટી મંજૂરી મળ્યેથી પ્રાદેશિક મ્યુનિસિપલ કમિશનર (આરસીએમ) ઓફિસ દ્વારા સંબંધિત નગરપાલિકાને દરખાસ્ત મળ્યાના પાંચ દિવસમાં ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે. એટલું જ નહિ, આવી ગ્રાન્ટની બે હપ્તામાં ૧૦૦ ટકા ફાળવણી કરાશે. આના પરિણામે નગરપાલિકા વિસ્તારોમાં વિકાસ કામો શરૂ કરવામાં વિલંબનું નિવારણ અને ગ્રાન્ટનો મહત્તમ સદુપયોગ થશે. મુખ્યમંત્રી સમક્ષ શહેરી વિસ્તારોના ધારાસભ્ય, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના પદાધિકારીઓ, અગ્રણીઓએ આ માટે કરેલી રજૂઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતાં તેમણે આ નાણાંકીય સત્તા મર્યાદામાં વધારો કર્યો છે.

સુપ્રીમ કોર્ટે જામીન મંજૂર કર્યા છતાં સાગઠિયાને જેલમાંથી મુકિત નહી મળે

# રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં સાગઠિયાને સુપ્રીમની રાહત : જામીન મંજૂર

રાજકોટ, તા.૩

રાજકોટ સહિત સમગ્ર દેશમાં ચકચાર જગાવનારા ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં જેલ હવાલે રહેલા રાજકોટ મનપાના પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાની જામીન અરજી સેશન્સ અને હાઈકોર્ટે નામંજુર કરતા પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાએ સુપ્રીમ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જે ચાલી જતા સુપ્રીમ કોર્ટ દ્વારા પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાની જામીન અરજી મંજુર કરવામાં આવી છે. પરંતુ અપ્રમાણસર મિલકત અને ડુપ્લીકેટ મિનિટ્સ બુક બનાવવાના કેસમાં સાગઠિયાને હજુ જેલમાં રહેવું પડશે.રાજકોટમાં કાલાવડ રોડ ઉપર આવેલા ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં નાના બાળકો અને ગેમઝોનના કર્મચારીઓ સહિત ૨૭ લોકો ભડથું થઈ ગયા હતા.



આ બનાવને ગંભીરતાથી લઈ રાજ્ય સરકાર દ્વારા નિમવામાં આવેલી એસ.આઈ.ટી.ની તપાસમાં આ બનાવવાળી જગ્યાનું ફાયર એનઓસી, બાંધકામ સહિતની અનેક બાબતોમાં મહાપાલિકા સહિતના તંત્રો દ્વારા ગેમઝોનના ભાગીદારો અને તંત્રના જવાબદાર અધિકારીની સાંઠગાંઠના કારણે આ દુ:ખદ ઘટના બની હતી. તેથી ટીઆરપી ગેમઝોનના ભાગીદારો, સંચાલકો અને મહાનગરપાલિકા અધિકારીઓ સહિતનાની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા.આ કેસમાં રાજકોટ મનપાના પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાએ રેગ્યુલર જામીન મેળવવા હાઈકોર્ટમાં અરજી કરી હતી. જે જામીન અરજી હાઈકોર્ટ દ્વારા રદ કરાતા સુપ્રીમ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જેમાં બંને પક્ષના વકીલોની રજૂઆત બાદ પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા વિવિધ ચુકાદાઓ ધ્યાને લઈ સુપ્રીમ કોર્ટ દ્વારા પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાની જામીન અરજી મંજુર કરતો હુકમ કર્યો છે. પરંતુ અપ્રમાણસર મિલ્કત અને ડુપ્લીકેટ મિનિટ્સ બુક બનાવવાના કેસમાં સાગઠિયાને હજુ જેલમાં રહેવું પડશે.

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ૫૦ ક્વિક રિસ્પોન્સ ટીમ વ્હિકલને ફ્લેગ ઓફ કર્યું

# ક્યુઆરટી બાઈક હવે વીજળીની ઝડપે ગુનેગારો પાસે પહોંચશે

## ગુનાખોરી અને ટ્રાફિક જેવી સમસ્યાઓમાં ક્વિક રિસ્પોન્સ માટે આશીર્વાદરૂપ નીવડશે

ગાંધીનગર, તા.૩

રાજયમાં ગુનાખોરી અને ટ્રાફિકની સમસ્યાને પહોંચી વળવા તથા ક્વિક રિસ્પોન્સ માટે ગુજરાત પોલીસે એક નવતર પહેલ કરી છે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી દ્વારા આજે ગાંધીનગર સચિવાલય ખાતેથી ૫૦ ક્વિક રિસ્પોન્સ ટીમ (ક્યુઆરટી) વ્હિકલ-બાઈકને લીલી ઝંડી અપાઈ હતી. આ અત્યાધુનિક બાઈકને ગુજરાત પોલીસ દ્વારા વિવિધ જિલ્લાઓમાં ફાળવવામાં આવશે.

આ બાઈકનો મુખ્ય ઉદ્દેશ ગુનાખોરીને અટકાવવા, ટ્રાફિક વ્યવસ્થા જાળવવા અને પોલીસ વાનને જ્યાં પહોંચવામાં સમય લાગે તેવા સંવેદનશીલ સ્થળો પર તાત્કાલિક પહોંચીને કાર્યવાહી કરવાનો છે. આ બાઈક ગુનાખોરી અને ટ્રાફિક જેવી સમસ્યાઓમાં ક્વિક રિસ્પોન્સ આપવા માટે તૈયાર કરાયા છે.

ક્યુઆરટી બાઈક હોન્ડા કંપનીના સહયોગથી તૈયાર કરાયા છે, તેમાં કેટલીક વિશેષતાઓ ઉમેરવામાં આવી છે. ૩૫૦ સીસીના આ બાઈકમાં ડ્યુઅલ ટોન સાયરન, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, ૩૬૦ ડિગ્રી વિઝિબિલિટી માટે રીઅર ડોમ્સ, ફ્રન્ટ પોલિકાર્બોનેટ વિન્ડશીલ્ડ, સી હોક લાઈટ્સ, અને સાઈડ તેમજ ટોપ બોક્સ જેવા ફિચર્સ છે. આ ઉપરાંત, બાઈકમાં પાછળના ભાગમાં બેન્ડેબલ બેટન છે, જેમાં પોલીકાર્બોનેટ લેન્સવાળી લાઈટ પણ છે.

આ પહેલ પોલીસની ગતિશીલતા અને કાર્યક્ષમતામાં વધારો કરવાની સાથે સાથે નાગરિકોની સુરક્ષા વ્યવસ્થામાં પણ વધારો કરશે.

આ પ્રસંગે ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ.કે.દાસ, રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય સહિત પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ હોન્ડા કંપનીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આજે વીજીઆરસી માટે ગુજરાત સરકાર દ્વારા નવી દિલ્હીમાં ઉચ્ચ સ્તરીય પરિસંવાદ બેઠક

# વીજીસીઆરમાં સહભાગીઓને આકર્ષવા મુખ્યમંત્રી દિલ્હીમાં પ્રેઝન્ટેશન કરશે

## વીજીઆરસી થકી ગુજરાતના પ્રાદેશિક વિકાસના નવા અધ્યાયનો શુભારંભ કરવામાં આવશે

ગાંધીનગર, તા.૩

આગામી વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદો (વીજીઆરસી)ના પરિપ્રેક્ષ્યમાં ગુજરાત સરકાર દ્વારા આવતીકાલે તા. ૪ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં એક ઉચ્ચ સ્તરીય પરિસંવાદ બેઠકનું આયોજન કરાયું છે. આ પ્રાદેશિક પરિષદોમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહભાગીઓ સામેલ થશે. જેમની સમક્ષ રાજ્યના સર્વાંગી પ્રાદેશિક વિકાસની પહેલોને પ્રસ્તૂત કરવામાં આવશે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (વીજીજીએસ)ના વારસાને અનુરૂપ ગુજરાત સરકાર દ્વારા ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ચાર પ્રાદેશિક પરિષદોનું આયોજન કરાયું છે. આ પરિષદો દરેક ક્ષેત્રની વિશિષ્ટ સંભાવનાઓને ઉજાગર કરવા, ક્ષેત્ર-વિશિષ્ટ તકોને ઓળખવા અને રોકાણોને તે ક્ષેત્રોમાં લાવવા પર કેન્દ્રિત છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે નવી દિલ્હીમાં યોજાનારી આ પરિસંવાદ બેઠકનું નેતૃત્વ કરશે. આ કાર્યક્રમમાં બે સત્રોનું આયોજન કરાયું છે, જેમાં એક સત્રમાં ઉદ્યોગપતિઓ જ્યારે બીજા સત્રમાં ફોરેન મિશનના વડાઓ અને ભારત સરકારના વરિષ્ઠ અધિકારીઓ સાથે મુખ્યમંત્રી સંવાદ કરશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વિશેષ સંબોધન ઉપરાંત, ઉદ્યોગપતિઓ સાથે બપોરે એક સત્રનું આયોજન કરાયું છે. ત્યારબાદ ગુજરાત સરકારના ઉદ્યોગ કમિશનર પી. સ્વરૂપ વીજીઆરસી પર વિસ્તૃત પ્રેઝન્ટેશન આપશે. આ કાર્યક્રમમાં



ઉદ્યોગપતિઓ તેમના અનુભવો શેર કરી શકે તેના માટે પણ એક સત્ર રહેશે.ભારત સરકારના ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રમોશન વિભાગ (ડીપીઆઈઆઈટી)ના સચિવ અમરદીપ સિંહ ભાટિયા અને ગુજરાત સરકારના મુખ્ય સચિવ પંકજ જોશી પણ સત્ર દરમિયાન સંબોધન કરશે. જ્યારે સાંજે ફોરેન મિશનના વડાઓ અને ભારત સરકારના વરિષ્ઠ અધિકારીઓના ખાસ સત્રમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિશેષ સંબોધન કરશે. આ સત્રમાં ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના મુખ્ય સચિવ મમતા વર્મા વીજીઆરસી પર એક પ્રેઝન્ટેશન પણ રજૂ કરશે. ત્યારબાદ સુધાકર દલેલા,સચિવ (ઈઆર), એમઈએ અને પંકજ જોશી, મુખ્ય સચિવ, ગુજરાત સરકાર દ્વારા સંબોધન કરાશે.

વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદો (વીજીઆરસી) ક્ષેત્ર-કેન્દ્રિત ચર્ચાઓ, બીટુબી / બીટુજી બેઠકો, વેન્ડર ડેવલપમેન્ટ કાર્યક્રમો, રિવર્સ બાયર સેલર મીટ, ટ્રેડ શો/પ્રદર્શન, નેટવર્કિંગ તેમજ એમએસએમઈ અને કારીગરોને પ્રોત્સાહન તેમજ ઓળખ આપવા માટે એક પ્લેટફોર્મ તરીકે કાર્ય કરશે. પ્રાદેશિક આકાંક્ષાઓને વૈશ્વિક મહત્વાકાંક્ષાઓ સાથે જોડવા માટે આ પ્લેટફોર્મની રચના કરાઈ છે, જેથી ભારતના ગ્રોથ એન્જિન તરીકે ગુજરાતની ભૂમિકાને વધુ સશક્ત અને પ્રભાવી બનાવી શકાય.

ભાયંદરની ચામુંડા એન્ટરપ્રાઇઝનાં તેજસ સરવૈયા સામે ગુનો નોંધાયો

# સુરતનાં વેપારી પાસે હીરા ખરીદીમાં મુંબઈનાં જ્વેલરી મેન્યુફેક્ચરર દ્વારા રૂપિયા ૩.૭૦ કરોડનું ચીટિંગ

સુરત, તા.૩

સુરતનાં વેપારી પાસે ૧૧.૦૬ કરોડનાં હીરા ખરીદીમાં ૩.૭૦ કરોડનું ચીટીંગ કરનારા મુંબઈના જ્વેલરી મેન્યુફેક્ચરર સામે ક્રાઈમ બ્રાન્ચમાં ગુનો નોંધાયો છે.

ક્રાઈમ બ્રાન્ચ પાસે મળતી માહિતી અનુસાર અડાજણમાં પ્રાઈમ આર્કેડ પાસે પ્રયાગરાજ રો હાઉસમાં રહેતા હિરેનકુમાર મનુભાઈ શાહ હીરાનો વેપાર કરે છે. હિરેન કુમાર તેમની પત્ની વૈશાલી શાહ તથા નેહા અંકીત શાહ સાથે ભાગીદારીમાં આદિનાથ એક્સપોર્ટ નામથી પોલીશ ડાયમંડનો વેપાર તથા આડતનું કામ કરે છે. આ પેઢીની ઓફીસ મહિધરપુરા, પીપળાશેરીની શાશ્વત બિલ્ડીંગમાં છે. દરમિયાન મિત્ર હાર્દિક ગાંધીનાં દલાલ પારસ મહેતા થકી હિરેન શાહનો સંપર્ક મુંબઈના ભાયંદરમાં ચામુંડા એન્ટરપ્રાઈઝ નામથી ધંધો કરતાં તેજસ દિનેશ સરવૈયા સાથે સંપર્ક કર્યો હતો.

૪ એપ્રિલ, ૨૦૨૪ નારોજ પારસ મહેતા તથા તેજસ સરવૈયા હિરેનની ઓફિસે આવ્યા હતાં. તેજસે પોતે મુંબઈમાં ચામુંડા એન્ટરપ્રાઈઝ નામથી ડાયમંડ-જ્વેલરી બનાવવાનો ધંધો કરતો હોવાનું જણાવ્યું હતું. સાથે જ મુંબઈ, હૈદરાબાદ, જયપુર જેવા શહેરોમાં પ્રતિષ્ઠિત ગ્રાહકોને તેમના ઓર્ડર મુજબની જ્વેલરી બનાવી આપતો હોય હીરાની મોટાપાયે જરૂર રહેતી હોવાની વાત કરી હતી. જેથી હિરેન શાહ ધંધાકીય વ્યવહાર માટે તૈયાર થયા હતાં.

બાદમાં તેજસ દિનેશ સરવૈયાએ એપ્રિલ ૨૦૨૪ થી મે ૨૦૨૪ સુધી હિરેન શાહ પાસેથી ટૂકડે ટુકડે કુલ- ૪૮૧૨.૪૧ કેરેટ પોલીશ્ડ હીરા મંગાવ્યા હતાં. જેમાંથી તેણે રીજેક્શનના ૪૦૯.૩૧ કેરેટ હિરા આંગડીયા મારફતે હિરેનને પરત મોકલાવી દીધા હતા. સરવૈયાએ રાખેલા ૪૪૦૩.૦૮ કેરેટ પોલીશ્ડ હિરાની કિંમત ૧૧,૦૫,૭૯,૯૭૯ રૂપિયા થતી હતી. જ્વેલરી બનાવવા માટે ખરીદવામાં આવેલા હીરાના અવેજ પેટે તેજસે જુન ૨૦૨૪ સુધી ટૂકડે ટુકડે ૭,૩૫,૯૧,૦૦૦ રૂપિયા ચૂકવ્યા હતાં.

આ ધંધામાં બાકી રહેલું ૩,૬૯, ૮૮,૯૭૯ રૂપિયા પેમેન્ટ માટે હિરેને કોલ કર્યા તો સરવૈયાએ તેમને હિસાબ કરવા મુંબઈ બોલાવ્યા હતાં. ૨૮ જુન, ૨૦૨૪ના રોજ હિરેન શાહ મુંબઈ ગયા અને શ્રીનિધિ હોટલમાં તેજસ સરવૈયા સાથે મિટિંગ કરી હતી. જો કે, તેજસે ત્યારબાદ હિરેન શાહ સામે ધાક ધમકી આપ્યાની ફરિયાદ ભાયંદર પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. ત્યારબાદ ૦૮ જુલાઈએ હિરેને આ તેજસ સરવૈયા સામે વસઈ વિરાર પોલીસ કમિશનર કચેરીમાં ચીટિંગ કરવા અંગે ફરિયાદ આપી હતી. જેની તપાસ દરમિયાન તેજસ સરવૈયાએ ધાના હિસાબ પેટે ૩,૬૯,૮૮,૯૭૯ રૂપિયા ચૂકવવા ન પડે એ માટે ૧,૩૦,૪૫,૦૦૦ કિંમતના કુલ- ૫૯૮.૩૧ કેરેટ હિરા આંગડિયા મારફતે પરત મોકલી આપ્યા હોવાની રસીદો ઉભી કરી પોલીસ સમક્ષ રજુ કરી હતી.

આ વિવાદમાં મીરા ભાયંદર પોલીસે સુરતમાં ફરિયાદ કરવા સમજ આપી હતી. જેથી હિરેન શાહે અહીં અરજી કરવા સાથે સરવૈયાએ ઉભી કરેલી ખોટી સહી વાળી ચામુંડા એન્ટરપ્રાઈઝની એ ૧૪ બનાવટી જાંગડ (રસીદો) પણ રજૂ કરી હતી. ક્રાઈમ બ્રાન્ચે આ રસીદો તપાસ માટે એફએસએલમાં મોકલી હતી. જેમાં હિરેન શાહની ખોટી સહી કરાઈ હોવાનું બહાર આવ્યું હતું. જેથી ક્રાઈમ બ્રાન્ચે તેજસ સરવાયૈ સામે ૩,૬૯,૮૮,૯૭૯ ની ઠગાઈ કરવા તથા બોગસ ડોક્યુમેન્ટ ઉભા કર્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગુજરાતની જીઆઇડીસીઓમાં ઓટોમોબાઇલનાં સેંકડો યુનિટોનાં સ્ટેટસ બાબતે વિરોધાભાસ

# ઓટોમોબાઇલ સેલ્સ-સર્વિસ સેક્ટર: MSME માટે ઔદ્યોગિક જ્યારે GIDC માટે કોમર્શિયલ

સુરત, તા.૩

કેન્દ્ર સરકારનાં તાબા હેઠળનાં માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ સ્કેલ એન્ટરપ્રાઇસ સ્જીસ્ઈ ડીપાર્ટમેન્ટ અને તેની યોજનાઓમાં ઓટોમોબાઈલ સેલ્સ એન્ડ સર્વિસ સેક્ટરને ઈન્ડસ્ટ્રીઝ (ઓદ્યોગિક યુનિટ)નો દરજ્જો આપવામાં આવ્યો છે પરંતુ, ગુજરાતમાં જીઆઈડીસી તંત્ર દ્વારા ઓટોમોબાઈલ સેલ્સ એન્ડ સર્વિસ સેક્ટરને હજુ પણ કોમર્શિયલ દરજ્જામાં ગણવામાં આવે છે જેને કારણે ગુજરાતની જીઆઈડીસીઓમાં આવેલા ઓટોમોબાઈલનાં સેંકડો યુનિટોમાં ગુજરાત સરકારની જુદી જુદી યોજનાઓનો લાભ મળતો નથી. સર્ધન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રતિનિધિમંડળે ગાંધીનગર જઈને સરકારમાં રૂબરૂ રજૂઆતો કરીને સત્વરે જીઆઈડીસીમાં કાર્યરત ઓટોમોબાઈલ સેલ્સ એન્ડ સર્વિસ યુનિટોને ઈન્ડસ્ટ્રીયલ યુનિટનો દરજ્જો આપવા માટે રજૂઆત કરી છે.

### જીઆઇડીસી દ્વારા ઓટોમોબાઇલ સેક્ટરને કોમર્શિયલ ગણવાને કારણે યુનિટ ધારકો અને લાભોથી વંચિત રહેતા હોવાની ચેમ્બરની મુખ્યમંત્રીને રજૂઆત

ચેમ્બર ઓફ કોમર્સના વાઈસ પ્રેસિડેન્ટ અશોક જીરાવાલા, મિતિશ મોદી સહિતના પ્રતિનિધિમંડળે ગાંધીનગર ખાતે કરેલી રૂબરૂ રજૂઆતોમા જણાવ્યું છે કે કેન્દ્ર સરકારનું માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ સ્કેલ મંત્રાલય જ્યારે ઓટોમોબાઈલ સેલ્સ એન્ડ સર્વિસ સેક્ટરનાં યુનિટોને ઔદ્યોગિક યુનિટ ગણીને તેની યોજનાઓમાં સમાવિષ્ટ કરે છે ત્યારે એકરૂપતા જળવાય તે માટે ગુજરાત સરકારે પણ જીઆઈડીસીમાં આવેલા ઓટોમોબાઈલ સેલ્સ એન્ડ સર્વિસ સેક્ટરને ઈન્ડસ્ટ્રીયલ દરજ્જો આપવો જોઈએ. હાલમાં જીઆઈડીસી દ્વારા ઓટોમોબાઈલ સેક્ટરના યુનિટોને કમર્શિયલ ગણવામાં આવે છે, જેથી જીઆઈડીસી તેમજ ગુજરાત સરકારની અનેક યોજનાઓના લાભથી આવા યુનિયોએ વંચિત રહેવું પડે છે.ચેમ્બરનાં પ્રતિનિધિમંડળે સરકારને રજૂઆત કરી છેકે આ સુધારો કરવામાં આવશે તો સેંકડો યુનિટોને થતો અન્યાય નિવારી શકાશે. ગુજરાતની જીઆઈડીસીઓમાં ઓટોમોબાઈલ યુનિટો દ્વારા રૂ.૧૦ હજાર કરોડથી પણ વધુનું મૂડીરોકાણ કરવામાં આવ્યું છે અને ૫૦ હજાર કરતા વધુ લોકોને રોજગારી આપવામાં આવી રહી છે. આ યુનિટ્સ સરકારને જીએસટી, રોડટેક્સ, વ્યવસાયિક ટેક્સ, ઈએસઆઈ, પીએફ વગેરે માધ્યમથી વિશાળ આવક પણ રળી આપે છે.


**નામ બદલેલ છે**

લગ્ન પહેલાનું નામ પંચાલ ફાલ્ગુની બહેન અંબાલાલ. લગ્ન પછીનું નામ નેમાડે ફાલ્ગુની રવિન્દ્ર

સરનામું : બી/૧૫, સયાજીપાર્ક સોસાયટી, આજવા રોડ, વડોદરા

**મારૂ નામ**

પટેલ મહમેદઈરફાન અલીભાઈ થી બદલીને પટેલ મોહમદ ઈરફાન કરેલ છે.

બી/૩૮, આશિયાના ડુપ્લેક્સ, તાંદલજા, વડોદરા.

**મારૂ નામ**

પટેલ સાબરબાબેન મહમદઈરફાન થી બદલીને પટેલ સાબેરા મોહમદઈરફાન કરેલ છે.

બી/૩૮, આશિયાના ડુપ્લેક્સ, તાંદલજા, વડોદરા.

## પશ્ચિમ રેલવે તહેવાર વિશેષ ટ્રેનો ચલાવશે

| ટ્રેન નંબર | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૫૧૧૬ | ઉધના - છપરા | ૨૮.૦૯.૨૫ થી ૩૦.૧૧.૨૫ | ૧૦:૦૦ કલાક (રવિવાર) | ૨૩:૦૦ કલાક (બીજો દિવસ) |
| ૦૫૧૧૫ | છપરા - ઉધના | ૨૬.૦૯.૨૫ થી ૨૮.૧૧.૨૫ | ૧૭:૪૫ કલાક (શુક્રવાર) | ૦૭:૦૦ કલાક (રવિવાર) |
| રોકાણઃ સુરત, ભરૂચ, વડોદરા, ગોધરા, રતલામ, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, બીના, સૌગોર, દમોહ, કટની મુરવારા, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિઓકી, મિર્ઝાપુર, વારાણસી, જૌનપુર, ઓનરિહાર, ગાઝીપુર શહેર અને બલિયા સ્ટેશન બંને દિશામાં. | | | | |
| રચનાઃ એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ. | | | | |
| ૦૫૦૧૮ | ઉધના - મઉ | ૨૮.૦૯.૨૫ થી ૦૨.૧૧.૨૫ | ૧૫:૦૦ કલાક (રવિવાર) | ૨૨:૩૦ કલાક (બીજો દિવસ) |
| ૦૫૦૧૭ | મઉ - ઉધના | ૨૭.૦૯.૨૫ થી ૦૧.૧૧.૨૫ | ૦૫:૩૦ કલાક (શનિવાર) | ૧૨:૦૦ કલાક (બીજો દિવસ) |
| રોકાણઃ વડોદરા, રતલામ, નાગદા, શામગઢ, ભવાની મંડી, કોટા, ગંગાપુર સિટી, બાયના, ઈદગાહ આગ્રા, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, આઈશબાગ, બાદશાહ નગર, બારાબંકી, ગોંડા, બસ્તી, ખલીલાબાદ, ગોરખપુર, દેવરિયા સદર, બેલમપુર રોડ, બેલમારા અને સ્ટેશન બંને દિશામાં. | | | | |
| રચનાઃ એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ. | | | | |

સમય, સ્ટોપ અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર ૦૫૧૧૬ અને ૦૫૦૧૮ નું બુકિંગ ૦૫.૦૯.૨૦૨૫ થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા પર વિશેષ ટ્રેનો તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: X.com/WesternRly
અમને ફોલો કરો: Instagram/WesternRly

કૃપા કરીને બધી આરક્ષિત ટિકિટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો.

## અકોર્ડ સિનર્જી લીમીટેડ

CIN No. L45200GJ2014PLC079847
રજીસ્ટર્ડ ઓફિસ : ૩૦૨, સાઇન પ્લાઝા, નટુભાઈ સર્કલ, રેસકોર્સ, વડોદરા-૩૯૦૦૦૭
ફોન : ૦૨૬૫-૨૩૫૬૮૦૦ ફેકસ : ૦૨૬૫-૨૩૫૬૮૦૦
Website : www.accordsynergy.com Email: info@accordsynergy.com

### અગિયારમી વાર્ષિક સામાન્ય સભાની સુચના

સૂચના આપવામાં આવે છે કે એકોર્ડ સિનર્જી લીમીટેડ (કંપની)ના સભ્યોની અગિયારમી વાર્ષિક સામાન્ય સભા સપ્ટેમ્બર, ૨૦૨૫ની ૨૬મી તારીખ, શુક્રવારે, બપોરે ૧૨:૩૦ વાગે યોજાશે. (IST). કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા પરિપત્ર નંબર ૧૦/૨૦૨૨ તા. ડીસેમ્બર ૨૮, ૨૦૨૨ સાથે વાંચેલા પરિપત્રો જાન્યુઆરી ૧૩ ૨૦૨૧, એપ્રિલ ૮, ૨૦૨૦, ૧૩ એપ્રિલ ૨૦૨૦ અને ૫ મે ૨૦૨૦ અને ૫ મે ૨૦૨૨ના પરિપત્ર મુજબ, એ.જી.એમ. વિડીઓ કોન્ફોરન્સ (વી.સી) / અન્ય ઓડિઓ વિઝ્યુઅલ મિન્સ દ્વારા યોજવામાં આવી રહ્યું છે એ.જી.એમ.ની નોટીસમાં નકકી કર્યા મુજબ ધંધાનો વ્યવહાર કરવા માટે નેશનલ સીક્યોરીટીઝ ડીપોઝીટરીઝ લિમીટેડ (એન.એસ.ડી.એલ.) દ્વારા (ઓએવીએમ) સુવિધા આપવામાં આવી રહી છે ઈલેકટ્રોનિક રૂપે એજીએમમાં જોડાવા માટેની સુચનાઓ એજીએમની સુચનામાં આપવામાં આવી છે

ઉપર જણાવેલ એમસીએના પરિપત્રો તેમજ સેબી દ્વારા આપવામાં આવેલ ૧૫મી જાન્યુઆરી ૨૦૨૧ના રોજના પરિપત્ર અન્વયે સભ્યોનું ધ્યાન દોરવામાં આવે છે કે ૩૧ માર્ચ, ૨૦૨૫ના રોજ સમાપ્ત થયેલા વર્ષનો વાર્ષિક રીપોર્ટ આજરોજ ફકત એવા સભ્યોને ઈલેકટ્રોનિકલી મોકલવામાં આવેલ છે કે જે ઓના ઈમેઈલ આઇ.ડી. કંપનીના રજીસ્ટ્રાર કર ડીપોઝીટોરી પાર્ટીસીપન્ટસમાં નોંધાવેલ છે. કંપનીના રજીસ્ટ્રાર, ડીપોઝીટરી સહભાગી, (ડી.પી.) માં જે સભ્યોએ પોતાનો ઈમેલ આઇ.ડી. નોંધાવ્યો નથી તે કૃપા કરીને તેમના ડીપી અથવા આર.ટી.એ. લિંક ઈન ટાઈમ સર્વિસીસમાં www.linkintime.co.in પર નોંધણી કરાવવા વિનંતી છે.

કંપનીઓ અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૯૧ હેઠળ પણ નોટીસ આપવામાં આવી છે કંપનીઓ (મેનેજમેન્ટ અને એડમીનીસ્ટ્રેશન) નિયમો ૨૦૧૪ના નિયમ ૧૦ સાથે વાંચવામાં આવે છે કે કંપનીના સભ્યોની રજીસ્ટ્રર શેર ટ્રાન્સફર બુકસ એજીએમ. ના હેતુ માટે શનિવાર, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી શુક્રવાર ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ (બંન્ને દિવસ સહિત) બંધ રહેશે કંપની એ.જી.એમ.ની સુચનામાં જણાવેલ તમામ વ્યવસાયિક વસ્તુઓ પર મત આપવા માટે એન.એસ.ડી.એલ. દ્વારા પુરી પાડવામાં આવતી ઈલેકટ્રોનિક મતદાન સેવાઓ દ્વારા તેના સભ્યોને રીમોટ ઈ-વોટીંગની સુવિધા પ્રદાન કરશે. શેર ધરાવતા અને સભ્યોના રજીસ્ટરમાં નોંધાયેલા સભ્યો અથવા ડીપોઝીટરી દ્વારા જણાવવામાં આવેલા લાભકારક માલીકોના રજીસ્ટ્રરમાં નોંધાયેલા સભ્યો કાપ તારીખ એટલે કે શુક્રવાર ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૫, ઈ-મતદાનનો હકકદાર રહેશે. રીમોટ ઈ-વોટીંગ મંગળવાર ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૯-૦૦ વાગે (IST) થી શરૂ થશે અને ગુરુવાર ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ને ૫-૦૦ વાગે (IST) પર સમાપ્ત થશે. ત્યારબાદ ઈ-મતદાન અક્ષમ કરવામાં આવશે. કોઈપણ વ્યકિત કે જે કંપનીના શેરો મેળવે છે અને એજીએમ નોટીસ મોકલ્યા પછી સભ્ય બને છે અને સમય પુર્ણ થયા બાદ શેરહોલ્ડર કરે છે તે યુઝરે આઇ.ડી. અને પાસવર્ડ evoting@nsdl.co.in પર વિનંતી મોકલીને મેળવી શકે છે અથવા જો પહેલેથી જ એનએસડીએલ સાથે ઈ-વોટીંગ માટે નોંધાયેલ છે તો હાલના વપરાશકર્તા આઇ.ડી. અને પાસવર્ડનો ઉપયોગ મતદાન કરવા માટે કરી શકાય છે.

મતદાન માટેની સુવિધા એજીએમ પર ફકત તે જ સભ્યોને આપવામાં આવશે કે જે ઓવીસી/ઓએવીએમ દ્વારા એજીએમમાં હાજર હોય અને પોતાનો મત ન આપ્યો હોય. એજીએમની સુચના અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.accordsynergy.com, સ્ટોક એકસચેન્જ www.nseindia.com ની વેબસાઈટ અને www.evoting. nsdl.com પર એનએસડીએલની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે. ઈ-વોટીંગ સબંધિત કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, સભ્યો શેર હોલ્ડરો માટે વારંવાર પુછાતા પ્રશ્નો (એફએકયુ)નો સંદર્ભ લો અને www.evoting. nsdl.com ના ડાઉનલોડ વિભાગ પર ઉપલબ્ધ શેર હોલ્ડરો માટે ઈ-વોટીંગ વપરાશકર્તા માર્ગદર્શિકા અથવા ટોલ ફ્રી evoting@nsdl.co.in પર વિનંતી મોકલો. નંબર 18001020990/ 1800224430 પર કોલ કરી શકે છે. અથવા એન.એસ.ડી.એલ.ને evoting@ nsdl.co.in પર વિનંતિ મોકલો.

ફોર એકોર્ડ સિનર્જી લીમીટેડ
બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી
સહી/- દ્રષ્ટિ ગાંધી (કંપની સેકેટરી)

સ્થળ : વડોદરા
તારીખ : ૪ સપ્ટેમ્બર ૨૦૨૫